રવિ માર્કેટીંગ સિઝન ૨૦૧૯-૨૦ દરમ્યાન લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ કરવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: આરએમએસ/૧૪/૨૦૧૮/જીઓઆઇ/૩૧૭/ક
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૫/૦૨/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગનો તા.૧૬/૧૦/૨૦૧૮ નો પત્ર નં. 7(8)/2018-PY.I

(૨) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગરનો તા.૧૧/૦૨/૨૦૧૯ નો પત્ર ક્રમાંકઃ/૨૧૧/એમએસપી/ઘઉં/પ્રાપ્તિ/૨૦૧૯-૨૦/૨૦૧૯/૯૧૦૫

(3) આદિજાતિ વિકાસ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: વનઅ/૨૦૧૫/૫૨૧૪૪૩/ચ-૧

આમુખ :-

ઉકત વંચાણે લીધેલ (૧) થી ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સિઝન ૨૦૧૯-૨૦ માટે ઘઉંના પ્રતિ ક્વિન્ટલ રૂ.૧૮૪૦/- લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવામાં આવેલ છે.

ઉકત વંચાણે લીધેલ (૨) થી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ માટે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા વિગતવાર દરખાસ્ત કરવામાં આવેલ છે. નિગમની સદરહુ દરખાસ્ત અન્વયે ખુલ્લા બજારમાં ઘઉંના ભાવો નીચા જાય તો ખેડુતોને નુકશાન ન જાય અને તેઓને ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી ભારત સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ લઘુતમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આમુખની વિગતે રવિ માર્કેટીંગ સિઝન ૨૦૧૯-૨૦ દરમ્યાન લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ કરવા માટે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગરને નીચેની શરતોને આધીન નોડલ એજન્સી તરીકે નિમણૂંક આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) રવિ માર્કેટીંગ સિઝન ૨૦૧૯-૨૦ દરમ્યાન ઉકત વંચાણે લીધેલ (૧) થી નકકી થયેલ લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ તા.૧૫/03/૨૦૧૯ થી તા.૩૧/૦૫/૨૦૧૯ સુધીના સમયગાળામાં ઇ-પ્રોક્યોરમેન્ટ હેઠળ કરવાની રહેશે. જરૂર પડ્યે ઘઉંની પ્રાપ્તિનો સમયગાળો વધુ ૧૫ દિવસ લંબાવવાનો રહેશે. આ અંગે જિલ્લા કક્ષાએ ઘઉંની પ્રાપ્તિ અંગે જરૂરી આયોજન હાથ ધરી કલેક્ટરશ્રી ધ્વારા જરૂરી અહેવાલ અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ તથા મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ને કરવાનો રહેશે. પ્રાપ્ત કરવામાં આવેલ ઘઉંનો જથ્થો તા.૦૧/૦૬/૨૦૧૯ થી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણમાં મૂકવાનો રહેશે.

(૨) રવિ માર્કેટીંગ સિઝન ૨૦૧૯-૨૦ દરમ્યાન ૫૦,૦૦૦ મે.ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક/અંદાજ નકકી કરવામાં આવે છે. લક્ષ્યાંકની પ્રાપ્તિ થયે ગુ.રા.ના.પુ.નિ.લી. લક્ષ્યાંકથી વધુ જથ્થાની પ્રાપ્તિ કરી શકે છે.

(૩) હાલ સુચિત ખરીદ કેન્દ્રો ખાતે કામચલાઉ ધોરણે સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. ત્યારબાદ પ્રાપ્ત થયેલ ઘઉંનો જથ્થો ગુ.રા.ના.પુ.નિ.લી.ના નજીકના ગોડાઉને તબદીલ કરવાનો રહેશે.

(૪) લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિ કેન્દ્ર સરકાર ધ્વારા નિયત કરેલ યુનિફોર્મ સ્પેસિફિકેશન મુજબ કરવાની રહેશે. દરેક ખરીદ કેન્દ્ર ખાતે રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગેનું બેનર લગાવવાનું રહેશે. જેમાં લઘુત્તમ ટેકાના ભાવની ખરીદ કિંમતે એફ.એ.ક્યુ. (**FAIR AVERAGE QUALITY**) સામાન્ય ગુણવત્તા ધરાવતો જથ્થો ખરીદવામાં આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. અન્ય ખરીદ કેન્દ્રો ખાતે ટેકાના ભાવ કરતા નીચા ભાવે વેચાણ થવાના કિસ્સામાં ખેડૂતોને રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહેલ છે તે બાબતની જાણ કરી એફ.એ.ક્યુ. (**FAQ**) ક્વોલીટી મુજબનો જથ્થો ખરીદવાની કાર્યવાહી ગુ.રા.ના.પુ.નિ.લી. એ કરવાની રહેશે. જે કિસ્સામાં ખેડૂતનો જથ્થો એફ.એ.ક્યુ. ક્વોલીટી મુજબનો ન હોય અને આવો જથ્થો લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી શકાય તેમ ન હોય તો એવા જથ્થાનું સેમ્પલ લઈ આ જથ્થો ક્યા કારણથી ખરીદી શકાય તેમ નથી તેની નોંધ સહિત ખેડૂતનું નામ, સરનામુ તેમજ તેના દ્વારા ઓફર કરવામાં આવેલ જથ્થાની વિગતની નોંધ રાખવાની રહેશે.

(૫) રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંની પ્રાપ્તિ કરવામાં આવી રહેલ છે તે બાબતે રાજયના ખેડૂતોને પુરતી જાણકારી મળી રહે તે માટે ગુ.રા.ના.પુ.નિ.લી. એ બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે. આ માટે અખબારી યાદી, ટેલિવિઝન, રેડિયો, પોસ્ટર, બેનર વગેરે માધ્યમોનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ ખેડૂતોને તેઓનો જથ્થો સાફસૂફ કરી જરૂરી જણાયે ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરૂર જણાયે ઘઉં તડકામાં સુક્વી વેચાણ માટે લાવવા જણાવવાનું રહેશે કે જેથી તેઓનો જથ્થો અસ્વિકૃત ન થાય.

(૬) લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની પ્રાપ્તિની કામગીરી માટે રાજયમાં ઘઉંનું ઉત્પાદન થતુ હોય તેવા તમામ જિલ્લાના તમામ ગોડાઉનો ખાતે તથા તમામ ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ (એ.પી.એમ.સી.) ખાતે ખરીદ કેન્દ્ર શરૂ કરવાના રહેશે. તેમજ ખરીદવામાં આવેલ ઘઉંના જથ્થાના સંગ્રહ માટે નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો ઉપયોગ કર્યા બાદ વધુ સંગ્રહ વ્યવસ્થાની જરૂર જણાય તો સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન, ભારતીય ખાદ્ય નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહશક્તિનો ઉપયોગ કરવાનો રહેશે. સ્થાનિક કક્ષાએ જિલ્લાની જરૂરીયાત મુજબ ગોડાઉન ભાડે રાખવા અને તેના ભાડા નક્કી કરવા અંગે કલેક્ટરશ્રીની અધ્યક્ષતા હેઠળની જિલ્લા કક્ષાની સમિતિએ નિર્ણય લેવાનો રહેશે.

(૭) ઘઉંના જથ્થાના સંગ્રહ માટે ૫૦ કિલોગ્રામ ભરતીવાળા પુરતા બારદાનની વ્યવસ્થા નિગમે કરવાની થશે. આ માટે નિગમે અગાઉની માર્કેટીંગ સિઝનોમાં જથ્થાની ખરીદી માટે ડી.જી.એસ.એન્ડ ડી.,